ગાંધીનગર સમાચાર
તા. ૩૧-૧-૨૦૧૨, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી.....

# ગુજરાતને ક્રાઇમ સ્ટેટ બનતું અટકાવીએ

દેશભરમાં પ્રગતિનું અને વિકાસનું મોડેલ બની ગયેલું ગુજરાત ધીરે ધીરે ગુનાખોરીમાં પણ 'નંબર વન' બની જવાની સ્પર્ધામાં સામેલ થઇ ગયું છે કે શું? બહારની દુનિયામાં આજપર્યંત બાંધી મૂઠીનો ભ્રમ અકબંધ છે પણ અંદરની વાસ્તવિકતા કંઇ જુદી જ છે. દિલ્હીને 'ક્રાઇમ કૅપિટલ' કહી ભાંડનારાં અખબારો હવે ગુજરાતમાં પણ 'ક્રાઇમોથોન' - ગુનાખોરીને 'લાંબી દોડ' ચાલુ થઇ ગઇ હોવાના અહેવાલ હેડલાઇન મારીને છાપવા લાગ્યું તે શું સૂચવે છે? રોજે રોજ એકલા રહેતા વૃધ્ધો પર વીજળી પડે છે. દિલ્હી-મુંબઇની જેમ અમદાવાદ-વડોદરા-રાજકોટ અને સુરતમાં આવી ઘટનાઓ બનતી રહે છે. એક જ મહિનામાં ચોરી-લૂંટના છપ્પન જેટલા બનાવ એકલા અમદાવાદમાં બન્યા છે. બે જ કલાકમાં લૂંટના ચાર બનાવ બને તે શહેરને સલામત કહી શકાય ખરૂં? આ ચાર બનાવોમાં રૂા. ૪૨.૫ લાખ લૂંટાયા હતા. બે દેરાસરોમાંથી ધોળે દિવસે ચૌદ લાખથી વધારે રકમની ચોરી થઇ હતી. શહેરની પૉશ કલબ સામે આવેલી બેંકના કર્મચારી પાસેથી રૂપિયા ભરેલી બૅગ તફડાવી લેવાઇ હતી. વસ્ત્રાપુરના જાણીતા મૉલ સામે આવેલી રાષ્ટ્રીયકૃત બેંક પર લૂંટારૂં ત્રાટક્યા અને મોટી રકમ બંદૂકની અણીએ લૂંટી ગયા. આવી જ ઘટનાઓ આકાશવાણી નજીકના 'લોહાભવન'માં બને છે તો વળી શાહીબાગ અને પાલડીનાં દેરાસરો પર ધાડ પડે છે. જાણે મધ્યયુગના ડાકુઓનો જમાનો ના આવી ગયો હોય! જૂના જમાનાના ડાકુઓ તો ખાનદાની હતા. અગાઉથી જાસાચિઠ્ઠી બાંધી જતા. આ નવા જમાનાના ડાકુઓને એવાં કોઇ નીતિ-રીતિનાં મૂલ્યો નથી. એમને તો બસ, રૂપિયા ખપે છે. એ ભગવાનને પણ લૂંટી શકે છે. આવી બેફામ લૂંટફાટ ચાલતી રહે છે અને નરેન્દ્રબાઇ મોદીની પોલીસ એમના રાષ્ટ્રીય એજંડાને પાર પાડવા વીવીઆઇપી બંદોબસ્તમાં ખડેપગે હાજર-ચાકર રહે છે. કયારેક આ જ પોલીસના જાંબાઝ અધિકારીઓ મુખ્યમંત્રીશ્રીને ખુશ કરવા ધડાધડ બનાવટી એન્કાઉન્ટરોની ધડબડાટી બોલાવવા તૈયાર રહેતા, તે પ્રજાને તો કદાચ ભુલાઇ ગયું હોય પણ અદાલતોને હજી યાદ છે. ગોધરાકાંડમાં પોલીસની ભૂમિકાને કારણે ગુજરાતની દેશ અને દુનિયામાં ભારે વગોવણી થતી રહી છે. એ જ મુદ્દો આપણા સમક્ષ મુખ્યમંત્રીને રાષ્ટ્રીય સ્તરે સ્વીકૃતિ મેળવવામાં આડખીલીરૂપ બની રહ્યો છે તે પણ સર્વવિદિત છે. ગુજરાતમાં સુલેહશાંતિનું વાતાવરણ પ્રવર્તે છે, એનો આપણે ગર્વ જરૂર લઇ શકીએ પરંતુ ગાંધીનગરના હાકેમોના નાક નીચે દિનપ્રતિદિન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી રહી હોવા બાબતે આપણી સરકારે વેળાસર જાગવાની જરૂર છે. ગાંધીનગરમાં સચિવોનાં ઘરો પણ સલામત નથી. ગુજરાતને જાપાન બનાવતાં બનાવતાં કયાંક એ યુપી કે બિહાર ન બની જાય, એની પણ સાવચેતી તો રાખવી જ રહી. લૂંટફાટ, ખૂન, મારામારી અને ઘરફોડ ચોરીઓમાં પણ ગુજરાત 'નંબર વન' ન બની રહે તેની તકેદારી રાખવાનો સમય પાકી ગયો છે.

## ખેલ મહાકુંભમાં જે.એમ. ચૌધરીનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લા કક્ષાનો હોકી અન્ડર-૧૬ તથા હોકી અપ-૧૬નો રાઉન્ડ રમાયો હતો. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની અન્ડર-૧૬ તથા અપર-૧૬ની બંને ટીમની બહેનોએ સુંદર દેખાવ કરી જિલ્લાકક્ષામાં પ્રથમ નંબરે વિજેતા બનેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરી તથા શાળા પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવેલ છે. શિક્ષક મિનાક્ષીબેન સુતરીયા, હેતલબેન દેસાઈ તથા લીલાબેન ચૌધરીને અભિનંદન પાઠવ્યા છે.

## ગાંધીનગરમાં વીરમાયા રથનું ભવ્ય સ્વાગત કરાશે

સમાજમાં નવચેતના પ્રગટાવવા તેમજ વીરમાયા પ્રત્યે ઋણ અદા કરવા ગાંધીનગરના દલિતો દ્વારા વીરમાયા રથનું ભવ્ય સ્વાગત કરવાનું આયોજન કરેલ છે. સંત રોહિતદાસ સ્મૃતિ મંદિર ખાતે ૧ ફેબ્રુઆરીના રોજ સાંજે વીરમાયા રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવનાર છે. જ્યારે ૨જી ફેબ્રુઆરીએ સવારમાં સેકટરોમાં વીરમાયા રથ ઘુમશે. જ્યાં સેકટરવાસીઓએ સ્વાગતની વ્યવસ્થા કરેલ છે.



## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ ખાતે સ્પોર્ટસ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૩૦

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિને ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ ખાતે 'સ્પોર્ટસ ડે' નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સ્પોર્ટસ ડે નિમિત્તે અતિથિ વિશેષ તરીકે દામોદર નાટકર્ણી ઉપસ્થિત રહ્યા હતા. જેઓ ગુજરાત રાજય ક્રિકેટ કોચ તરીકે ફરજ બજાવી ચુકયા છે. તેમણે બાળકોને રમતનું મહત્વ સમજાવીને 'હળી મળીને આગળ વધો'ની પ્રોત્સાહીત વાર્તા કહી હતી. શાળાના વિદ્યાર્થીઓ રમતોમાં ભાગ લઈને વિજેતા બન્યા હતા. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ અને સર્ટીફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા તેમજ જીમ્નાસ્ટીકસના પ્રયોગોથી બાળકો આનંદિત થઈ ગયા હતા.

## જી.આઈ.પી.એસ. શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં ઝળકયા

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓ ગુજરાત રાજય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભમાં સ્વીમીંગમાં ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં ભવ્ય દેસાઈએ પ્રથમ સ્થાન પરીન દરજીએ બીજું સ્થાન તેમજ ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં લોકેશ વૈષ્ણવે બીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ ઉપરાંત શાળાની અંડર ૧૬ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લામાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમજ ખેલ મહાકુંભમાં તમામ રમતમાં થઈ કુલ ઈનામ ૩૬૦૦૦ રુપિયાનું ઈનામ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે.

## કડી સર્વ વિદ્યાલયની શાળાઓના શિક્ષકોનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના ડીન. પ્રા. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ શાળાઓના શિક્ષકોનો વિષયમાં સજ્જતામાં વધારો થાય તે હેતુથી વર્કશોપ યોજાયો હતો.

ચિલ્ડ્રન યુનિવર્સિટીના નિયામક મહેન્દ્રભાઈ ચોટલીયા, હર્ષાબેન જાડેજા, વનરાજ પરમાર, રાજેન્દ્રભાઈ વગેરે શિક્ષકોએ ભાગ લીધો હતો. આભાર વિધિ પ્રા. મતંગ ગૌસ્વામીએ કરી હતી. શાળાના ટ્રસ્ટીઓએ હાજરી આપી હતી.

## યુથ હોસ્ટેલ દ્વારા મરીન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સેકટર-૧૬ ખાતે આવેલ યુથ હોસ્ટેલ્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા ફેબ્રુઆરી માસની તા. ૭ થી ૧૦ દરમિયાન મરીન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ફેબ્રુઆરી મહિનાની તા. ૭ થી ૧૦ દરમિયાન આ શિબિર 'ડની પોઈન્ટ આઈલેન્ડ' ખાતે યોજાશે. આ શિબિરમાં સમુદ્ર જીવસૃષ્ટિને જાણવા તેમજ માણવા માટે એક મરીન કેમ્પ પણ યોજવામાં આવશે. વધુમાં શિબિરમાં સમુદ્ર તરણ, સ્નાન, ટ્રેકીંગ, સ્ટારગેઝીંગ, કેસલ કોમ્પીટીશન, ટ્રેઝર હંટ જેવી અનેક પ્રવૃત્તિઓ યોજાશે. આ મરીન કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા મિત્રોએ સંસ્થાના સેક્રેટરી જે.બી. સાધુ ૯૮૯૮૫ ૦૯૭૫ અથવા ચેરમેન ચૈતન્ય નિમાવતનો સંપર્ક કરવા જણાવાયું છે.

## ડભોડામાં સમર્પણ કોલેજની શિબિર સંપન્ન

ગાંધીનગર, તા. ૩૦

સમર્પણ કોલેજ ગાંધીનગર દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાની શિબિર ડભોડા મુકામે યોજવામાં આવી હતી. જેમાં ૫૦ જેટલા શિબિરાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તંદુરસ્ત સમાજ માટે જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ઉદ્‌ઘાટન પ્રસંગે સમર્પણકોલેજના કૅમ્પસ નિયામક ડૉ. કિશોરસિંહ સોલંકી, ડભોડાના નિયામક સરપંચ અરવિંદસિંહ સોલંકી, સમર્પણ કોલેજના આચાર્ય જે.એસ. પ્રજાપતિ તથા ગામના અગ્રણીઓ હાજર રહ્યા હતા.


સાત દિવસની ગ્રામોત્થાન શિબિરમાં ગ્રામસફાઈ, વ્યસન મુક્તિ, બાળતંદુરસ્તી, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજયા હતા. પાર્થ એજન્સી દ્વારા રાંધણ ગેસની વપરાશમાં સલામતી પગલાં લેવા બાબતની જાણકારી આપી હતી.

આધારકાર્ડ વિશે માહિતી આપી હતી. સાહિત્યકાર કિશોરસિંહ સોલંકી અરવલ્લી નવકથા ઉપર પ્રવચન આપ્યું હતું. નાટય દિગદર્શક રમેશભાઈએ સાસરિયું સુખનું સરનામું રજૂ કર્યું હતું. આચાર્ય જે.એસ. પ્રજાપતિએ આભાર વ્યક્ત કર્યો હતો.

## સ્કુલ ઓફ એચીવર બેડમિન્ટન, સ્કેટીંગ ખેલકુંભમાં મોખરે

ગાંધીનગર, તા. ૩૦

જિલ્લાકક્ષાની બેડમિન્ટન અન્ડર-૧૬ બહેનોની હરીફાઈમાં સ્કુલ ઓફ એચિવરની વિદ્યાર્થીનીઓ મોખરે રહેલ છે. જેમાં પટેલ હિમાની પ્રથમ ક્રમે, દવે ઉન્નલ તૃતીય ક્રમે, પંચોલી નિધિ ચતુર્થ ક્રમે, ઋત્વા રાજવંશી પાંચમા ક્રમે રહેલ છે. મીના આર. વ્યાસે કોચ તરીકે માર્ગદર્શન આપેલ હતું. જયારે જિલ્લાકક્ષાની સ્કેટીંગમાં ૧૦૦, ૫૦૦, ૩૦૦ મીટર રેસમાં પણ સારો દેખાવ કર્યો છે. અને શાળાનું ગૌરવ વધારેલ છે. અપૂર્વ પટેલ, માલવ પટેલ , જિગર ઠાકોર, કવન વિજેતા બનેલા હતા. ભાર્ગવ આયરને સ્કુલ પરિવારે અભિનંદન પાઠવેલ છે.



# "ચોરીના બનાવો, મંદિર લૂંટાવાના ગુના તો હવે વધવાના જ... કેમ કે આ વખતે મુખ્યમંત્રીએ 'તમે સૂઇ જાવ... હું પાંચ વર્ષ જાગીશ...' નું વચન કયાં આપ્યું છે!!" લાલાકાકાએ સીમ્પલ રીઝન સમજાવ્યું

### ચોકઠામાં ૨૬મીએ ધ્વજવંદન કાર્યક્રમ માટે કટિબધ્ધ અંકલ ઉવાચ : 'ઝંડો-દોરી-થાંભલો તો સૂતરની આંટી અગાઉનાં પડ્યાં જ છે... મુખ્ય મહેમાન ના મળે તો હું છું જ...'

## ગુરૂવારની ગપસપ

- પ્રકાશ લાલા

"ના, ના... આવું જરાય ના ચાલે...!"

તા. ૨૬ જાન્યુઆરીના ત્રણેક દિવસ પહેલાં અમારી ચોકઠા પરિષદની રાત્રિ બેઠકમાં એન્ટ્રી મારતાં જ લાલાકાકા સૌ સાંભળે એમ બબડ્યા... અને પછી અમારી બાજુમાં ગોઠવાઇ જતાં ફરી પાછા કોઇ પૂર્વ ભૂમિકા વગર જ બોલ્યા : "હં... આ બહુ ખરાબ કહેવાય... ના ચાલે!!"

રેડ અંકલના આ 'ગુગલી બોલ'ને અમે રમીએ - એટલે કે એ શું કહેવા માંગે છે તે સમજીને કંઇક જવાબ આપવાનું વિચારીએ ત્યાં જ ઉતાવળિયાં પંચાલભાઇ મોંમાંથી તમાકુ મિશ્રિત પાનના રસની પીચકારી મારીને બોલી ઊઠ્યા : "હા, કાકા, બળાત્કારના બનાવો વધી ગયા છે તે ખરાબ જ કહેવાય... ના ચલાવી લેવાય... પણ અંકલ, એમાં તમે કે હું શું કરી શકીએ, હેં? કહો તો આપણે બધાં ઉપવાસ પર બેસીએ કે પછી આપણા ચોકઠા વાળાની કેન્ડર માર્ચ કાઢીએ..."

પોતાને અનુકૂળ ન હોય એવો શામજી પંચાલનો લાંબો લચક જવાબ સાંભળી રેડ લાલપીળા થઇ ગયા... કેમ કે એમનાં વિધાનોનો સંદર્ભ કંઇક જુદો જ હતો... એટલે લાલાકાકાએ ગુસ્સે થઇને કહ્યું : એ તમાકુ ખાઉં... પાન મસાલિયા... હું બળાત્કારની વાત નથી કરતો... મારૂં કહેવું એમ છે કે...'

"પંચાલભાઇ, લાલાકાકા તો આજકાલ ઘર ફોડ ચોરીઓ, રસ્તા પરની લૂંટ અને મંદિરમાં ચોરીઓની ઘટનાઓ વધી ગઇ છે તેની વાત કરે છે, ખરૂં ને અંકલ?" દરજીભાઇએ કહ્યું ને પૂછ્યું...

ના હવે... હું એનીય વાત નથી કરતો અને ચોરી - લૂંટફાટ તો વધવાનાં જ, એની મને ખબર છે..." કાકા ઉવાચ...

"હેં? ચોરી-લૂંટ વધવાના તેની તમને ખબર છે?" અમે બધાં આશ્ચર્યની સાથે જ પ્રશ્ન કરી ઊઠ્યા...

"કંઇ રીતે? અંકલ, તમારે પોલીસખાતા સાથે બેઠક ઉઠક છે કે પછી ચોર ટોળકીઓ સાથે...?" પંચાલભાઇએ ફરી ફટાકડો ફોડીને લાલાકાકાને દઝાડ્યા. એટલે અંકલ ઉકળી ઉઠ્યા ને તાડૂક્યા : "તું ચૂપ રહેને પાનમસાલિયા... ચોરીઓ વધવાનું સીમ્પલ રીઝન છે. ચોરીના બનાવો, ચીલઝડપની ઘટનાઓનું પ્રમાણ વધ્યું છે એનું કારણ મુખ્યમંત્રી છે!!" લાલાકાકાએ કહ્યું.

"શું?" ફરી અમે બધાં ચોંકી ઉઠ્યા.

"હા... હા... જુઓ, સમજો જરા... અગાઉની ચૂંટણીમાં આપણા સી.એમ. સાહેબ પ્રજાજનોને કહ્યું હતું કે તમે મતદાનના દિવસે અમને મત આપવા પૂરતા જાગજો... પછી તમે નિરાંતે સૂઇ જજો... હું તમારા માટે પાંચ વર્ષ જાગીશ... કહ્યું હતું કે નહીં?"

"હા... એવા વચન ગયા ઈલેકશનમાં મુખ્યમંત્રીએ આપ્યાં હતા." કુલકર્ણીએ ટેકો આપ્યો.

"હં... તે વખતની ચૂંટણીમાં સી.એ. સાહેબ એવું કશું બોલ્યા નથી કે આપણા માટે એ જાગશે એવું વચન પણ આપ્યું નથી. બરાબર એટલે ચોરીના ધંધામાં પ્રવૃત્ત વર્ગને ખાતરી થઇ ગઇ છે કે આપણે આપણા ધંધાના એમઓયુ ભલે ના કર્યા પણ એનો વિકાસ કરવામાં કોઇ ડર નથી... પછી તો ચોરી-લૂંટના બનાવો વધે જ એમાં સી નવાઇ!!" લાલાકાકાએ એમનો આગવો દૃષ્ટિકોણ અને અજબનું તારણ રજૂ કર્યાં...

રેડ અંકલની વાત સાથે કેટલા ટકા સંમત થવું તે વિશે અમે બધા અવઢવમાં પડી ગયા... ત્યાં ફરી લાલાકાકાએ એમની જૂની રેકર્ડ વગાડી : "આ ના ચાલે... આપણા માટે ખરાબ કહેવાય... આપણે કંઇક કરવું જ જોઇએ..."

"કાકા, આ તમે શું કહેવા માંગો છો એ સમજાતું નથી. કંઇક ચોખવટ કરો તો ખબર પડે..." અમે હિંમત કરીને પૂછી નાખ્યું.

"પનુભાઇ, આ ત્રણ દિવસ પછી આપણો રાષ્ટ્રીય તહેવાર આવશે... ૨૬મી જાન્યુઆરી... સ્વાતંત્ર્ય દિન..."

"અંકલ, સ્વાતંત્ર્ય દિન નહીં... પ્રજાસત્તાક દિવસ..." દરજીભાઇએ ઓડિટ કાઢ્યું...

"હા હવે એ જ! રાષ્ટ્રીય તહેવાર તો ખરો ને આપણે આપણા પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવી જોઇએ... એમ ન કરીએ તો આપણો રાષ્ટ્રપ્રેમ લાજે... એ બહુ ખરાબ કહેવાય.. એ ના ચાલે." લાલાકાકાએ અત્યાર સુધીની 'ગુગલી ઑવર'ની ગાઇડ બહાર પાડી.

હવે અમને સમજાયું કે પ્રોગ્રામ પ્રેમી રેડ અંકલનો ઉજવણીનો ઉત્સાહ ફરી ઉભરાઇ આવ્યો છે... જેમ કેટલાક સીઝનલ વેપારીઓ હોય છે કે જે દિવાળીમાં દારૂખાનાનો, ઉત્તરાયણ પર પતંગ-દોરીનો, હોળી પર રંગો ને પીચકારીઓનો એમ સીઝન મુજબ ધંધો કરતા ને બદલતા હોય છે... બસ, એમ જ દરેક તહેવારે - પ્રસંગે અમારા લાલાકાકાને તેની ઊજવણીનો - એને અનુરૂપ કંઇક ને કંઇક સમૂહ પ્રોગ્રામ કરવાનો ઉત્સાહ આવી જતો હોય છે... શિયાળામાં વહેલી સવારે દોડવા - ચાલવા ને કસરત કરવા ને બધાં ચોકઠાવાળાઓને તેમ કરવા એ ઉશ્કેરવા માંડ્યા છે તો ઊંધિયાનો પ્રોગ્રામ કરવા ય પાછળ પડી જાય છે : નવરાત્રિમાં ચોકમાં ગરબાનું આયોજન એમને અચૂક કરવું જ હોય... શરદપૂનમે સામૂહિક દૂધપૌંઓનો પ્રોગ્રામ ન થાય તો એમને ચેન નથી પડતું તો ૧૫ ઓગષ્ટ ને ૨૬મી જાન્યુઆરીને ધ્વજવંદનનો કાર્યક્રમ કરવા એ આતુર હોય છે... આવા પ્રોગ્રામ અંકલનો આત્મા, અચાનક ૨૬મી જાન્યુઆરી ઉજવવા અને તેમાં પ્રમુકપદે ગોઠવાઇ જઇ ભાષણ કરવા અર્થે ઉશ્કેરાઇ ઊઠ્યો હતો. ને એટલે દેશપ્રેમના નામે અમને બધાને ઉશ્કેરવાનું એમણે શરૂ કર્યું હતું!!

"અંકલ, તમારી વાત સાચી પણ હવે બે દિવસ પછી તો ૨૬મી જાન્યુઆરી છે... આટલા ટૂંકા ગાળામાં એનો કાર્યક્રમ ચોકઠામાં ગોઠવવાનું અઘરૂં પડે..." દરજીભાઇએ વાજબી મુદ્દો ઉપસ્થિત કર્યો. એટલે અમેય લાલાકાકાની વાત ટાળવા ને ખાળવા કહ્યું : "કાકા, દરજીભાઇની વાત સાચી છે. હવે બધાંને કહેવું ને બધી વ્યવસ્થા કરવી, ધ્વજવંદન માટે કોઇ મહેમાન નક્કી કરવા, ખર્ચ કયાંથી કાઢવો એ બધા પ્રશ્નો નહીં?"

"આ બધા તે પ્રશ્નો કહેવાતા હશે, પનુભાઇ? જુઓ, સમજો... અત્યારથી જ આપણે બે-ચાર જણા ચોકઠાનાં બધાં ઘરે ફરી વળીએ તો પણ તો થઇ જ જાય... ઝંડો મારા ઘરે પડ્યો જ છે... છોકરાઓને કહીશું તે થાંભલો ઊભો કરી દેશે..." ધ્વજવંદનના કાર્યક્રમ માટે કટિબધ્ધ બનેલા લાલાકાકાએ 'કાર્યક્રમ કરવો જ છે' એવી મક્કમતાથી આયોજન સમજાવવા માંડ્યું...

"હા... પણ ઝંડો કોના હાથે ફરકાવીશું? કોઇ મુખ્ય મહેમાન નક્કી કરવા પડે ને? છેલ્લી ઘડીએ કોણ મળે?" અમે ઉમેર્યું.

"રાઇટ! અમે કાર્યક્રમના ખર્ચ માટે 'ફંડ'ના શું કરવાના?" કુલકર્ણીભાઇ બોલ્યા.

"તમે લોકો આમ હિંમત ન હારી જાવ, યાર...આપણો પ્રજાસત્તાક દિન ઊજવવો જ છે એમ મક્કમ નિર્ધાર કરો તો બધા રસ્તા નીકળી આવે..."

લાલાકાકા પણ પ્રોગ્રામ માટે મરણિયા થઇને બોલ્યા...

"હા... પણ તમે માનો છો એવું સહેલું નથી, અંકલ... પુનઃ પાનની પીચકારી ધરતીમાતાને સમર્પિત કરવાની કુચેષ્ટા કરતાં પંચાલભાઇ રેડ અંકલને ગરમ કરવાની કુચેષ્ટા કરી બેઠા..."

એમની દલીલ સાંભળી લાલાકાકા ગુસ્સે થઇ બે-પાંચ સેકન્ડ માટે મૌન થઇ ગયા ને ગુસ્સામાં તેમની પૂળા જેવી મૂછો ચાવવા લાગ્યા... પછી બોલ્યા : "અલ્યા ભઇ, આ કાર્યક્રમ કરવામાં ખર્ચ શું થવાનો હેં? આપણે અગાઉ ઝંદા વદનના કાર્યક્રમ કર્યા છે તે વખતનો ઝંડો-દોરીને થાંભલો પડ્યાં જ છે, બરાબર?"

"હા... પણ મુખ્ય મહેમાન, એમને પહેરાવવાનાં હારતોરાને ચા-પાણીનો ખર્ચ... એનું શું?" દરજીબાઇએ ચિંતા વ્યક્ત કરી...

"હા, બહારના કોઇ મહેમાન હવે ના મળે એ મુદ્દો બરાબર છે..." લાલાકાકા બોલ્યા...

ને હજી અને કંઇ આગળ કહેવાય જાય તે પહેલાં શામજી પંચાલે હળવેથી ઉંબાડિયું કર્યું : "એટલે આપણી પાસે જૂના ને જાણીતા મુખ્ય મહેમાન પણ પડ્યા જ છે... લાલાકાકા... ખરૂં ને?"

"શું બોલ્યો, તું તમાકું ખાઉં?"

પોતાના પ્લાનને સફળ બનાવવા કંઇક વિચારમાં મગ્ન રેડ અંકલે પંચાલભાઇની 'કોમેન્ટ' પૂરી ન સાંભળી એટલે પૂછ્યું પણ અમે બધા હસી પડ્યા.

"કંઇ નહીં, અંકલ... હું તો એમ સૂચન કરતો હતો કે છેલ્લી ઘડીએ મહેમાન શોધવા જવાની મહેનત શું કામ કરવી? આપણી પાસે વડીલ-અનુભવી લાલાકાકા છે જ. એમના વરદ હસ્તે ધ્વજ વંદન કેમ ના કરાવીએ..." પંચાલે ફેરવી તોળ્યું...

"હેં? ના... ના... હા... મને એવો શોખ નથી...મને એવો શોખ નથી... પણ હા, આપણા ચોકઠામાં રાષ્ટ્રીય પર્વ ઉજવાનું હોય તો મને મુખ્ય મહેમાન થવામાં વાંધો નથી." રેડ અંકલે અમારા ચોકઠાના દેશપ્રેમને ખાતર ભોગ આપવા તૈયારી બતાવી...

"બરાબર છે... ને અંકલ પાસે ઉગાઉનું ભાષણ પણ તૈયાર જ છે..." ફરી પંચાલે હળવેથી 'કોમેન્ટ' કરી... અમને હસવું આવ્યું પણ અંકલ ખીજાશે એ બીકે મહામહેનતે હસવા પર અંકુશ રાખ્યો...

"હારતોરાનું શું કરવું!" અમે પૂછ્યું...

"૨૬મી જાન્યુઆરીએ હાર નહીં, સૂતરની આંટી જ મહેમાનોને પહેરાવાય..." લાલાકાકા બોલ્યા : "હા... ને ઝંડા-દોરીની જેમ સૂતરની આંટી પણ અગાઉથી પડી જ છે..."

"એ અંકલ લેતા આવશે આપણે એમને સ્વાગત કરતાં પહેરાવી દેવાની... વંદે માતરમ્!!" એકસોવીસ કે એકસો પાંત્રીસની આજે તમાકું બરાબર ચઢી હોય એમ પંચાલભાઇએ ફરી છગ્ગો ફટકાર્યો.

આવા કાર્યક્રમમાં સવારનાં પહોરમાં આવવાનો મોટાભાગના ચોકઠાવાસીઓને ઉત્સાહ હોતો નથી એટલે કાર્યક્રમ બહુ સકસેસ થતો નથી. એ અનુભવના આધારે અમે તેને ટાળવા ફરી મુદ્દો ઉપસ્થિત કર્યો : "એ બધું તો બરાબર છે... પણ સવાર સવારમાં ચા-કૉફી અને હળવા નાસ્તાની વ્યવસ્થા કરાય તો જ ચોકઠાવાસીઓને કાર્યક્રમનું એટ્રેકશન રહે ને આવે... એના ખર્ચની જોગવાઇનું શું?"

"રાઇટ! આ - નાસ્તા હશે તો પબ્લિક આવવાના... નહીં તો અંકલ, આપના પ્રોગ્રામ ફલૉપ શૉ થવાના..." કુલકર્ણીએ અમારી વાતમાં સૂર પૂરાવ્યો...

"હં... એ ખર્ચ કયાંથી કાઢવો?" ઓડિટર દરજીભાઇએ નાણાંકીય જવાબદારી બાબત ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

"અરે, એમાં શું મૂંઝાવાનું, હેં? મુખ્ય મહેમાન પાસેથી એ માટે 'ડોનેશન' લઇ લેવાનું, ખરૂં ને અંકલ?" પંચાલે જોરદાર અડપલું કર્યું...

"હેં... હા..." પહેલાં તો લાલાકાકા સમજ્યા વિના જ બોલી ઊઠ્યા ને પછી પોતે જ ફસાય છે એમ ખ્યાલ આવતાં લાલપીળા થઇ જતાં રેડ અંકલે પૂળા જેવી મૂછો ચાવવા માંડી... અને થોડીવાર પછી બોલ્યા : "છટ્... આપણા લોકોમાં રાષ્ટ્રપ્રેમ નામની કોઇ ચીજ જ બચી નથી... ૨૬મી જાન્યુઆરીની ઊજવણીમાં આવવા ચા-નાસ્તાની લાલચ આપવી પડે? ના, ના... એ ના ચાલે... આ તો બહું જ ખરાબ કહેવાય..."

એ જ 'ના... ચાલે... ખરાબ કહેવાય' વળી અંકલની ઓલ્ડ રેકર્ડ વાગવા માંડી એટલે અમે રાજી થઇ ગયા કે, હાશ! લાલકાકાના માથે સવાર થયેલું ઊજવણીનું ભૂત હવે શાંત થઇ ગયું!!'

ત્યાં પાછા પંચાલે એમને ઉશ્કેર્યા : "લાલાકાકા, એવું હોય તો એકલી ચા પીવડાવજો, ચાલશે!!"

પણ રોજ સવારે બીજાની ચા પીવા ટેવાયેલાં અંકલ ૫૦-૭૫ ચોકઠાવાસીઓને ચા પીવડાવવા તૈયાર થાય ખરાં?

એમણે દેશપ્રેમના નામે કહી દીધું : "ના... ચા પણ નહીં... એ તો એક પ્રકારની લાંચ આપી કહેવાય... રાષ્ટ્રીય તહેવારના કાર્યક્રમ માટે આટલું કરવું પડે એ એક પ્રકારનો ભ્રષ્ટાચાર જ થયો ગણાય... હું જ એમ કરૂં તો પૂ. ગાંધી બાપુનો આત્મા ડંખે... મને ય મારો અંતરાત્મા કોસ્યા કરે..."

"તો પછી આપણે ત્યાં ૨૬મી જાન્યુઆરીની ઊજવણીના કાર્યક્રમનું શું થશે?" અમે પૂછ્યું...

"હવે તો એ કેન્સલ જ કરવો પડશે ને!" દરજીભાઇ બોલ્યા...

"ના... એ થશે જ... બીજું બધું ગોઠવાઇ ગયું છે જ... એટલે ચિંતા નથી! પાણી વગર પર ૨૬મી જાન્યુઆરીનો ધ્વજવંદનનો આપણો કાર્યક્રમ થશે જ... આપણે બધાં દસ-દસ ઘરે જઇને રૂબરૂ બધાંને જાણ કરી દઇએ કે ૨૬મીએ, હા સવારે ૮ : ૩૦ વાગે કાર્યક્રમ છે. હા, તમારા બધા માટે હાજરી ફરજિયાત છે, હોં... બાકી રાષ્ટ્રીય પર્વ આપણે ના ઊજવીએ તે જરાય ના ચાલે... આપણું ખરાબ દેખાય..."

"હા સ્તો, અંકલ મુખ્ય મહેમાન બની, ભાષણ ના ફટકારે એ ના ચાલે... આ તો બહુ ખરાબ થયું કહેવાય..." પંચાલ ઉવાચ...

"શું?" કાકાએ પૂછ્યું.

"કંઇ નહીં અંકલ" અમે વાત વાળી લેતાં કહ્યું :"વંદે માતરમ્... જયહિંદ...

ભારત માતા કી જય..."